# મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ

પ્રશ્નપત્ર-2

ધોરણ : 10 (વર્ષ : 2019-20)

સમય: 3:00 કલાક | વિષય : ગુજરાતી (GUJ) | કુલ ગુણ - 80

સૂચનાઓ: (1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો A, B, C, અને D છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
(2) દરેક વિભાગના 20 ગુણ છે.વિકલ્પો આંતરિક છે.

## વિભાગ-A

**(અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [04]

| ગદ્ય કૃતિ | કર્તા |
|---|---|
| (1) રેસનો ઘોડો | (અ) ગુણવંત શાહ |
| (2) વાઈરલ ઈન્ફેકશન | (બ) જવાહરલાલ નહેરુ |
| (3) ચોપડાની ઈન્દ્રજાળ | (ક) પન્નાલાલ પટેલ |
| (4) ભૂખથીય ભૂંડી ભીખ | (ડ) ચંદ્રકાન્ત પંડયા |
| | (ઈ) વર્ષા અડાલજા |

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** [02]

1. નીના બહેન સાંજના સમયે શી પ્રવૃત્તિ કરતા હતા ?
2. ખોભણમાં પગ લપસ્યા છતાં લેખક કેવી રીતે બચ્યા હતા ?

**(ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો.** [06]

1. શ્રીમદ્ રાજચંદ્રની સ્મરણશકિત અસાધારણ હતી એમ તમે શા પરથી કહેશો ?
2. "બાવાના બેય બગડયા" એમ કાળુ શા માટે કહે છે?
3. ડુંગરે તેની પત્ની પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા શું કહ્યું ? અથવા
   પૂરમાં ડૂબતાં આંબા પટેલને જીવતદાન કેવી રીતે મળ્યું ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાકયોમાં ઉત્તર લખો.** [08]

1. નિજ મંદિરમાં ઊભું કરેલું કૃષ્ણ જન્મોત્સવનું દ્રશ્ય વર્ણવો.
2. જીવલાનું પાત્રાલેખન તમારા શબ્દોમાં કરો. અથવા
   રાતના સમયે ખીણને રસ્તે જતાં લેખક શા માટે સ્તબ્ધ થઈ જાય છે?

## વિભાગ-B

**(અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [04]

| પદ્ય કૃતિ | સાહિત્ય પ્રકાર |
|---|---|
| (1) શીલવંત સાધુને | (અ) ઊર્મિ ગીત |
| (2) માધવને દીઠો છે કયાંય ? | (બ) ગીત |
| (3) હું એવો ગુજરાતી | (ક) ભજન |
| (4) એક બપોરે | (ડ) ઊર્મિ કાવ્ય |
| | (ઈ) લોકગીત |

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** [02]

1. આઠે પો'ર મન મસ્ત થઈ રેવું એટલે શું ? 2. વતનથી વિદાય થતાં કવિને શાની ભ્રમણા થાય છે ?

(ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો. [06]

1. કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે?
2. ઈશ્વરે કવિ પર શી કૃપા કરી ?
3. કાવ્ય નાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે? **અથવા**

   'સૌંદર્ય વેડફી દેતાં ના ના સુંદરતા મળે,
   સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે' કાવ્ય પંક્તિનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

(ડ) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાકયોમાં ઉત્તર લખો. [08]

1. સારસીના ઊડી જવાથી કવિ ઉપર થયેલી અસર તમારા શબ્દોમાં લખો.
2. 'ચાંદલિયો' લોકગીતને આધારે રાત્રિનું વર્ણન કરો. **અથવા**

   શીલવંત સાધુના લક્ષણો જણાવો.

## વિભાગ - C

**નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તરો લખો. (દરેકનો એક ગુણ)**
**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

**1 નીચેના બે શબ્દોની સાચી જોડણી લખો** [01]

(૧) કાનુનભગ (૨) વિભાવરિ

(કાનૂનભંગ, કાનનુભગ, કાનુંનભગં), (વિભાવરી, વીભાવરી, વિભવરી)

**2 'પ્ર+નામ' શબ્દોની સાચી સંધિ જોડો.** [01]

(પ્રણામ, પ્રનમ, પ્રાનામ,)

**3 'નવરાત્રિ' શબ્દનો સમાસ ઓળખાવો.** [01]

(દ્વિગુ સમાસ, ઉપપદ સમાસ, બહુવ્રીહિ સમાસ)

**4 યોગ્ય જોડકું જોડો.** [01]

| (અ) | (બ) |
|---|---|
| (1) કર્તરિ વાકય રચના | (અ) જીવલાથી અવારનવાર ઘરે અવાતું |
| (2) કર્મણિ વાકય રચના | (બ) હું છત્રી સાચવી શકતો નથી. |
| | (ક) પિતાજી બા પાસે રાત દિવસ વૈતરું કરાવતા |

**5 અલંકારનો પ્રકાર જણાવો.** [01]

**6 'ચાંપલિયા'શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ?** [01]

(પર પ્રત્યય, પૂર્વ પ્રત્યય, એકપણ પ્રત્યય નહિ)

**7 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો.** [01]

(1) ભૃંગ :- શૃંગ, ભમરો, મધમાખી (2) ફડક:- ચિંતા, આનંદ, ઉલ્લાસ

**8 'ધીરજકાકા' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો.** [01]

(વ્યકિતવાચક, સમૂહવાચક, જાતિવાચક)

**નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

**9 નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપો.** [01]

કૂવામાં હોય તો હવાડામાં આવે.

**10 નીચે આપેલ કહેવતનો અર્થ લખો.** [01]

ચોર કોટવાલને દંડે

11 નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. [01]

*પરિવાર જેવો સંબંધ*

12 નીચેના શબ્દનો વિરૂદ્ધાર્થી શબ્દ લખો. *ભવ્ય* [01]

13 બંને શબ્દના જોડણી ભેદે થતો અર્થભેદ લખો. *વેણ, વ્હેણ* [01]

14 નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો. *પોયરાં* [01]

15 નીચેના વાકયમાંથી વિશેષણ શોધી તેના પ્રકાર જણાવો. *આપણે થોડી વાતચીત કરીએ.* [01]

16 નીચેનામાંથી ક્રિયાવિશેષણ શોધી તેના પ્રકાર જણાવો. *કલ્પેશ ઉતાવળો દોડે છે.* [01]

17 'વીજળી' શબ્દના ધ્વનિ ઘટકો. (સ્વર-વ્યંજન) છૂટા પાડો [01]

18 નીચેના વાકયની પ્રેરક વાકય રચના બનાવો. [01]

*અંકિતને એનું શૈશવ આપો.*

19 નીચેની પંકિતનો છંદ ઓળખાવો. [01]

*મને શિશુતણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહે ભરી.*

20 'મંદાક્રાંતા' છંદનું બંધારણ જણાવો. [01]

## વિભાગ - D

(અ) નીચેની પંકિતઓનો આશરે પંદર વાકયોમાં અર્થવિસ્તાર કરો. [04]

*શબનાં સરઘસ નીકળે, નહીં લે જીવતાં કેરી ભાળ,*
*પૂતળાં કેરી પૂજા થાય, ને માનવ ઠેબાં ખાય.*

અથવા

*પૈસાને વળી પદવીનો, વિશેષ શો વિશ્વાસ*
*રાવણ કેરી સિદ્ધિ પણ, પળમાં પામી નાશ.*

(બ) તમારી શાળામાં યોજાયેલ રક્તદાન શિબિરનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં તૈયાર કરો. [04]

(ક) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [04]

*'મરણ વિસામો છે. છેડો નથી માનવીની જીવન યાત્રા મરણ જોડે પૂરી થતી નથી. કાળકાળાંતરો વચ્ચે જુગજુગથી માણસ પોતાની વાટે ચાલી રહ્યો છે. માણસ મરે છે, સંસ્થાઓ, સંઘો પ્રજાઓ મરે છે ધર્મો, સંપ્રદાયો કે વિચારધારા એનાં જોમઝનૂન ઓસરી જાય છે. છતાં એ બધા સંસારમાંથી નિઃશેષપણે લુપ્ત થતા નથી. એક કે બીજે રૂપે પોતાની અમીટ છાપ, પોતાના જીવન અને જહેમતોનાં શેષ પોતાની પાછળ મૂકતાં જાય છે.કારણ કે એ તમામનાં હાડ ભીતર કોઈને કોઈ એક એવું ચિરંતન તત્ત્વ પડેલું છે, જે મરતું નથી. દેહ રૂપે મરવાછતાં પ્રજાતંતુરૂપે પોતાના વંશવેલાને કાયમ રાખી. મરીને જીવવાની જે પ્રેરણા કુદરતે આખી જીવસૃષ્ટિમાં મૂકી છે તેનો માર્યો માણસ સ્મૃતિ, ઈતિહાસ, પરંપરા કે એવો જ કોઈને કોઈ રૂપે અવશિષ્ટ રહે છે.'*

-- સ્વામી આનંદ

(ડ) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [08]

**વૃક્ષો વાવો, જીવન બચાવો.:-**

**મુદ્દાઓ:-** *પ્રસ્તાવના- વૃક્ષોની ઉપયોગીતા - વસ્તીવધારા સાથે ઊભા થયેલ પ્રદૂષણના પ્રશ્નો - પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ અને ઉપસંહાર.*

**પ્રવાસનું જીવન ઘડતરમાં સ્થાનઃ-**

**મુદ્દાઓ :-** *પ્રસ્તાવના - પ્રવાસના વિવિધ ફાયદા - પ્રત્યક્ષ જ્ઞાન - સૌંદર્ય દ્રષ્ટિનો વિકાસ, સામૂહિક જીવનનો અનુભવ - સાહસિક વૃત્તિનો વિકાસ - ઉપસંહાર.*

**આજની સમસ્યા : ભ્રૂણ હત્યાઃ-**

**મુદ્દાઓ:-** *પ્રસ્તાવના- અંધશ્રધ્ધા - ઘર, કુટુંબ અને સમાજનો દુરાગ્રહ - લાચાર યુવતીની મનોદશા - પુત્રની લોલુપત્તા - હત્યા અને ઊભી થયેલી સામાજિક અંસમાનતા - ઉપાયો.*